**એશિયા કપ ટ્રોફી વિવાદ**

# બોર્ડનો સભાન અને સંસ્થાકીય નિર્ણય : સૈકિયા

**ભારતીય** મહિલા ટીમે પણ પુરુષ ટીમની જેમ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો

**વર્તમાન** સંજોગોમાં ભારતીય ટીમ ટ્રોફી એનાયત સમારોહમાં ભાગ નહીં લે એવી એસીસીને જાણ કરાઇ હતી



નવી દિલ્હી, તા. 14 (PTI) : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેવજીત સૈકિયાએ સોમવારે જણાવ્યું હતું કે, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પાકિસ્તાની પ્રમુખ મોહસિન નકવી પાસેથી એશિયા કપની ટ્રોફી સ્વીકારવા ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો ઈનકાર એ દેશના સંજોગો અને લાગણીઓને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા લેવાયેલો એક સભાન અને સંસ્થાકીય નિર્ણય હતો.

ભારતીય મહિલા ટીમે રવિવારે દુબઈમાં રમાયેલી ફાઈનલમાં શ્રીલંકાને 72 રને હરાવ્યું હતું, પરંતુ નકવી પાસેથી ટ્રોફી સ્વીકારી નહોતી. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં 26 લોકોના મોત બાદ 2025ના એશિયા કપ દરમિયાન પુરુષ ટીમ દ્વારા શરૂ કરાયેલા વલણને મહિલા ટીમે આગળ ધપાવ્યું હતું.

સૈકિયાએ જણાવ્યું હતું કે, અમે તમામ પ્રવર્તમાન પાસાઓને ધ્યાનમાં રાખીને એક સભાન નિર્ણય લીધો હતો, અને અમારી સ્થિતિ અંગે એસીસીને અગાઉથી જાણ કરી દેવામાં આવી હતી કે વર્તમાન સંજોગોમાં ભારતીય ટીમ ટ્રોફી એનાયત કરવાના સમારોહમાં ભાગ લેશે નહીં. દેશમાં પ્રવર્તી રહેલા સંજોગો અને લાગણીઓને ધ્યાનમાં રાખીને, બીસીસીઆઈને લાગ્યું કે ટીમ માટે પ્રસ્તાવિત રીતે ટ્રોફી મેળવવી યોગ્ય રહેશે નહીં. આ એક દૃઢ સંસ્થાકીય નિર્ણય હતો, જે અમે જાળવી રાખેલા વલણનું પ્રતિબિંબ છે, અને તે ખેલાડીઓ, ટુર્નામેન્ટ કે રમતની વિરુદ્ધ નહોતો એવું તેમણે ઉમેર્યું હતું.

સમાધાન કરવાનો ક્યારેય કોઈ પ્રશ્ન નહોતો. જોકે, બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવો અને ટ્રોફી મેળવવાની પદ્ધતિ - આ બંને અલગ બાબતો છે."

ટ્રોફી ઉંચકીને ઉજવણી કરવી એ એક ઉત્સવની ક્ષણ હોત, પરંતુ બીસીસીઆઈના સચિવ ખુશ છે કે હરમાનપ્રીત કૌરની ટીમે પોતાની કામગીરી સફળતાપૂર્વક અને પૂર્ણ નિષ્ઠાથી પાર પાડી છે. ભારતીય મહિલા ટીમે જે સૌથી મહત્ત્વનું હતું તે કરી બતાવ્યું છે, તેમણે મેદાન પર તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા એશિયા કપ જીત્યો છે. અમે અને આખો દેશ ટીમ પર અત્યંત ગર્વ અનુભવે છે, અને આ સિદ્ધિ ખેલાડીઓ અને ભારતીય ક્રિકેટની છે.

### જો નકવી આવશે તો ટ્રોફી નહીં લઈએ' : ફાઈનલ પહેલાં જ BCCIએ વલણ સ્પષ્ટ કર્યું હતું

નવી દિલ્હી, તા. 14 : ભારતીય મહિલા ક્રિકેટ ટીમે પણ પુરુષ ટીમની જેમ એશિયા કપનો ખિતાબ જીત્યા બાદ મોહસિન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારી ન હતી. ફાઈનલમાં શ્રીલંકાને હરાવીને જ્યારે ટીમ ઈન્ડિયા 8મી વખત ચેમ્પિયન બની, ત્યારે એક વાર ફરીથી એશિયા કપની ટ્રોફીનો મુદ્દો ગરમાયો હતો. જોકે, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ આ અંગે ફાઈનલ મેચ પહેલાં જ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) સમક્ષ પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું હતું. એક સૂત્રએ જણાવ્યું કે બીસીસીઆઇએ એસીસીના અધિકારીઓને પહેલાંથી જ કહી દીધું હતું કે જો નકવી (મોહસિન) પ્રેઝન્ટેશન સેરેમનીમાં આવશે અને ભારત ફાઈનલ જીતશે, તો ભારતીય ટીમ તેમની પાસેથી ટ્રોફી સ્વીકારશે નહીં. ફાઈનલ મેચ બાદ બિલકુલ એવું જ જોવા મળ્યું હતું. આ જ કારણ છે કે પુરુષ એશિયા કપ બાદ જેટલો વિવાદ ઊભો થયો હતો, આ વખતે ચિત્ર ઘણુંખરું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું.

### દુબઇ સ્ટેડિયમમાં ફરી લાગ્યા 'ટ્રોફી ચોર નકવી'ના નારા સોશિયલ મીડિયા પર વાયરલ



દુબઇ, તા. 14 : રવિવારે ટાઇટલ જીતવા છતાં ભારતીય ટીમને ફરી એકવાર એશિયા કપ ટ્રોફી આપવામાં ન આવ્યા બાદ દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતીય ચાહકો 'ટ્રોફી ચોર નકવી'ના નારા લગાવતા સંભળાયા હતા અને તે વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ બની હતી. દુબઈમાં મહિલા એશિયા કપની ફાઇનલમાં ભારતે શ્રીલંકાને હરાવ્યું હતું, પરંતુ ભારતીય ટીમે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) ના પ્રમુખ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ના વડા મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યા પછી સત્તાવાર ટ્રોફી પ્રસ્તુતિ થઈ ન હતી. પ્રેઝન્ટેશન સેરેમની પછી નકવી સ્ટેડિયમમાંથી બહાર નીકળ્યા ત્યારે, ભારતીય પ્રેક્ષકો 'ટ્રોફી ચોર નકવી'ના નારા લગાવતા સાંભળવામાં આવ્યા, અને આ નારાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા હતા.

# આજે બીજી ટી-20 : ભારત સીરિઝ જીતવાના ઇરાદે મેદાનમાં ઊતરશે

**હાર્દિક** પંડ્યાની ગેરહાજરી અને હવે વરુણ ચક્રવર્તીની ઇજાએ પાંચમા બોલરની સમસ્યા વધુ વકરાવી

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ ફેનકોડ એપ પર

નવી દિલ્હી, તા. 14 (PTI) : વરુણ ચક્રવર્તી સોમવારે સાઈડ સ્ટ્રેનના કારણે સીરિઝમાંથી બહાર થઈ જતાં અને હાર્દિક પંડ્યાની ગેરહાજરીને કારણે અફઘાનિસ્તાન સામેની બીજી ટી-20 મેચમાં ભારત માટે પાંચમા બોલરની સમસ્યા વધુ ઘેરી બની છે. મંગળવારે યોજાનારી આ મેચમાં ભારતીય ટીમ સીરિઝ કબજે કરવાના ઈરાદા સાથે મેદાને ઊતરશે.

વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમે રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટે હરાવીને ત્રણ મેચોની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું, જેમાં ઝડપી બોલર અર્શદીપ સિંહ અને ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માનું શાનદાર પ્રદર્શન નિર્ણાયક રહ્યું હતું. જસપ્રીત બુમરાહે ઈજામાંથી પુનરાગમન કરીને એક વિકેટ ઝડપી હતી, જ્યારે અક્ષર પટેલ પણ મધ્યમ ઓવરોમાં કરકસરયુક્ત રહ્યો હતો. પરંતુ અય્યર માટે પાંચમા બોલરનો ક્વોટા પૂરો કરવો મુશ્કેલ બન્યો હતો અને તેના બેટિંગ ઓલરાઉન્ડર્સ - શિવમ દુબે અને નિતિશ કુમાર રેડ્ડી અપેક્ષા મુજબનો દેખાવ કરી શક્યા નહોતા. અય્યર પ્લેઈંગ ઈલેવનમાં ચક્રવર્તીના સ્થાને લેગ-સ્પિનર રવિ બિશ્નોઈ અથવા ઓફ-સ્પિનર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને તક આપી શકે છે.

### વરુણ ચક્રવર્તી સીરિઝમાંથી બહાર, એશિયન ગેમ્સ માટે પણ શંકાસ્પદ



ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજામાંથી સાજા થઈને પાછા ફરેલા ચક્રવર્તીએ શ્રેણીની પ્રથમ મેચમાં એક વિકેટ ઝડપી હતી. પરંતુ સોમવારે સાઈડ સ્ટ્રેન થવાને કારણે તે આખી સીરિઝમાંથી બહાર થઈ ગયો છે, જેથી આગામી એશિયન ગેમ્સમાં પણ રમવા અંગે શંકા ઊભી થઈ છે. બીસીસીઆઇના એક સૂત્રએ જણાવ્યું હતું કે આ એક નવી ઈજા છે. MRI રિપોર્ટમાં સ્નાયુમાં ખેંચાણ હોવાનું બહાર આવ્યું છે. તે સીરિઝમાંથી બહાર થયો છે અને એશિયન ગેમ્સમાં તેની ભાગીદારી પણ શંકાસ્પદ છે. ખેલાડીઓને વારંવાર થતી ઇજાઓને કારણે તાજેતરના સમયમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતેની ઇજા વ્યવસ્થાપન પ્રણાલી તપાસના દાયરામાં આવી છે. ચક્રવર્તીની તાજેતરની ઇજા આનું બીજું ઉદાહરણ છે.

## ભારતમાં યોજાનારી ACT હોકીમાં પાકિસ્તાન ભાગ લેશે : ભગવંત માન

**ACT** હોકીમાં ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયા ભાગ લેશે, કોઇ ખસશે તો તેના સ્થાને ઓમાન કે બાંગ્લાદેશને સામેલ કરાશે

મોહાલી, તા. 14 : પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને સોમવારે જણાવ્યું હતું કે આવતા મહિને અહીં યોજાનારી પુરુષોની એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (ACT) હોકી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા છ દેશોમાં પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

તેમણે કેન્દ્ર સરકારની નીતિનો ઉલ્લેખ કર્યો જેના હેઠળ આ બે કટ્ટર હરીફોને ભારતીય ભૂમિ પર બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવાની મંજૂરી છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 27 ઓક્ટોબરથી 5 નવેમ્બર દરમિયાન જાલંધર અને મોહાલીમાં રમાશે. ભારત, પાકિસ્તાન, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયા તેમાં ભાગ લેશે.

જો કોઈ ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય છે, તો તેનું સ્થાન ઓમાન અથવા બાંગ્લાદેશને આપવામાં આવશે. આ ટુર્નામેન્ટ દર વર્ષે એશિયન હોકી ફેડરેશનના નેજા હેઠળ યોજવામાં આવે છે પરંતુ ગયા વર્ષે તેનું આયોજન થયું ન હતું. ભારત આ સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે, જેણે 2023 (ચેન્નાઈ) અને 2024 (હુલુનબુઈર, ચીન) માં ટાઇટલ જીત્યા હતા. પાકિસ્તાનની ભાગીદારી અને જરૂરી મંજૂરીઓ મળી ગઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, માને કહ્યું કે દ્વિપક્ષીય શ્રેણી શક્ય ન પણ હોય પરંતુ બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં કોઈ સમસ્યા નથી આ પ્રસંગે બોલતા, હોકી ઈન્ડિયાના સેક્રેટરી જનરલ ભોલાનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના હોકી એસોસિએશન વચ્ચે 'સારા સંબંધો' છે.

### ICC કોડ ઓફ કન્ડક્ટના ભંગ બદલ ક્રાંતિ ગૌડ દંડાઇ

દુબઈ, તા. 14 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ સોમવારે શ્રીલંકા સામેની એશિયા કપ ફાઇનલ દરમિયાન આચારસંહિતાના લેવલ વનનો ભંગ કરવા બદલ ભારતની મહિલા ટીમની ફાસ્ટ બોલર ક્રાંતિ ગૌડને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકાર્યો છે અને તેને એક ડિમેરિટ પોઇન્ટ આપ્યો છે. ક્રાંતિને આચારસંહિતાના કલમ 2.5 ના ભંગ બદલ દોષી ઠેરવવામાં આવી હતી. ક્રાંતિના શિસ્તભંગના રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે. 24 મહિનાના સમયગાળામાં આ તેનો પહેલો ગુનો છે.

### નીશુ રેસલિંગ ટ્રાયલ્સ જીતી, અંતિમ પંઘાલ સાથે ફાઇનલ

નવી દિલ્હી, તા. 14 : પ્રતિભાશાળી રેસલર નિશુએ સોમવારે અહીં સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ માટે રાષ્ટ્રીય પસંદગી ટ્રાયલ્સ 53 કિગ્રામાં જીત મેળવીને એશિયન ગેમ્સ માટે પંસદ થયેલી અંતિમ પંઘાલ સામે ફાઇનલ મુકાબલો નિશ્ચિત કર્યો હતો. ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં રમાયેલી એક રોમાંચક સ્પર્ધામાં નિશુએ થિસ્કાને હરાવીને 53 કિગ્રા વર્ગમાં જીત મેળવી. નિશુ અને અંતિમ પંઘાલ વચ્ચેની અંતિમ ટ્રાયલ નક્કી કરશે કે 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર દરમિયાન કઝાકિસ્તાનના અસ્તાનામાં યોજાનારી સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં 53 કિગ્રા વર્ગમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણ કરશે.

### ચેક રિપબ્લિકના માજી ગોલકીપર લુડેક મિકલોસ્કોનું નિધન

પ્રાગ, તા. 14 : પૂર્વ ચેકોસ્લોવેકિયા, ચેક રિપબ્લિક અને વેસ્ટ હેમના ગોલકીપર લુડેક મિકલોસ્કોનું નિધન થયું છે. તે 64 વર્ષના હતા. સોમવારે તેમના પરિવાર અને ચેક ક્લબ 'બાનિક ઓસ્ટ્રાવા' દ્વારા તેમના અવસાનની જાહેરાત કરવામાં આવી હતી. ઇંગ્લેન્ડ ગયા પહેલાં મિકલોસ્કોએ આ ક્લબમાં આઠ વર્ષ વિતાવ્યા હતા અને છેલ્લા પાંચ વર્ષથી કેન્સર સામે ઝઝૂમતા હોવા છતાં તેમણે ત્યાં સ્પોર્ટિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. ચેકોસ્લોવેકિયામાં કોમ્યુનિસ્ટ શાસનનો અંત આણનાર 1989 ની 'વેલવેટ રિવોલ્યુશન' પછી ઈંગ્લિશ ફૂટબોલમાં પ્રભાવ પાડનારા તેઓ પ્રથમ ચેક ખેલાડી બન્યા હતા.

**'ગરીબી મે આટા ગીલા' જેવા હાલ**

## સ્લો ઓવર રેટ માટે ICCનો પાકિસ્તાની ટીમને મોટો દંડ


**ત્રીજી** ટેસ્ટમાં સ્લો ઓવર-રેટ માટે પાકિસ્તાનને 50 ટકા મેચ ફીનો દંડ, WTCના 11 પોઈન્ટ્સ કપાયા

**પાકિસ્તાન** વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને વધુ પાછળ ધકેલાઈ ગયું

દુબઈ, તા. 14 (PTI) : બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ દરમિયાન સ્લો ઓવર-રેટ જાળવવા બદલ પાકિસ્તાન પર સોમવારે મેચ ફીના 50 ટકા દંડ અને 11 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ કાપી લેવામાં આવ્યા છે. આઈસીસીએ પોતાની વેબસાઈટ પર જણાવ્યું હતું કે યજમાન ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં 0-3થી પરાજય પામેલી પાકિસ્તાની ટીમ 'સમયની છૂટછાટો ધ્યાનમાં લીધા પછી' નિયત લક્ષ્યાંક કરતાં 11 ઓવર પાછળ હોવાનું માલૂમ પડ્યું હતું. પાકિસ્તાને લીડ્ઝ ખાતેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ ઈનિંગ્સ અને 103 રને, લોર્ડ્ઝ ખાતે બીજી ટેસ્ટ 194 રને અને એજબેસ્ટન ખાતે ત્રીજી ટેસ્ટ 8 વિકેટે ગુમાવી હતી.

આઈસીસીએ જણાવ્યું હતું કે, બર્મિંઘમમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી અને અંતિમ મેચ દરમિયાન સ્લો ઓવર-રેટ જાળવવા બદલ પાકિસ્તાન પર બેવડો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ મેચ રેફરી રંજન મદુગલે, ઓન-ફીલ્ડ અમ્પાયરો પોલ રીફેલ અને ક્રિસ ગૈફાની, થર્ડ અમ્પાયર અલ્લાહુદ્દીન પાલેકર અને ફોર્થ અમ્પાયર રસેલ વોરન દ્વારા લાદવામાં આવ્યો હતો. આઈસીસીએ ઉમેર્યું કે, તેનો અર્થ એ છે કે પાકિસ્તાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને વધુ પાછળ ધકેલાઈ ગયું છે. ટીમ હવે 4.63 પોઈન્ટ ટકાવારી સાથે નવમા સ્થાને છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ રમવાની શરતોની કલમ 16.11.2 અનુસાર, ઓછી ફેંકાયેલી દરેક ઓવર માટે ટીમને એક પોઈન્ટનો દંડ થાય છે. પરિણામે, પાકિસ્તાનના કુલ પોઈન્ટ્સમાંથી 11 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ્સ કાપી લેવામાં આવ્યા છે. WTC પોઈન્ટ્સ ટેબલમાં નવમા સ્થાને તળિયે પછડાટ અનુભવી રહેલા પાકિસ્તાને અત્યાર સુધીની નવ ટેસ્ટમાંથી માત્ર બેમાં જીત મેળવી છે અને સાતમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# શેલ્ટનને હરાવીને ઝવેરેવે યુએસ ઓપન ટાઇટલ જીત્યું



**ઝવેરેવની** જીતથી અમેરિકન પુરુષો માટે ગ્રાન્ડસ્લેમ ટાઇટલનો દુષ્કાળ યથાવત રહ્યો

**શેલ્ટનને** 6-3, 7-6, 5-7, 6-2થી હરાવી ઝવેરેવે આ વર્ષનું બીજું ગ્રાન્ડસ્લેમ જીત્યું

ન્યૂ યોર્ક, તા. 14 (AP) : એલેક્ઝાન્ડર ઝવેરેવે ટેનિસમાં પોતાનું શ્રેષ્ઠ વર્ષ જાળવી રાખીને રવિવારે મોડી રાત્રે રમાયેલી યુએસ ઓપન પુરુષ સિંગલ્સની ફાઈનલમાં અમેરિકાના બેન શેલ્ટનને હરાવ્યો તેની સાથે જ અમેરિકન પુરુષો માટે ગ્રાન્ડ સ્લેમ ટાઇટલનો લાંબો દુષ્કાળ પણ યથાવત રહ્યો હતો.

ઝવેરેવે રવિવારે યુએસ ઓપન ફાઇનલમાં બેન શેલ્ટનને 6-3, 7-6 (2), 5-7, 6-2થી હરાવીને પોતાનું બીજું મેજર ચેમ્પિયનશિપ ટાઇટલ જીત્યું હતું. તેણે 2003 પછી પ્રથમ વખત કોઈ અમેરિકન પુરુષને ગ્રાન્ડ સ્લેમ જીતતા જોવા માટે આતુર પ્રેક્ષકોને નિરાશ કર્યા હતા. ઝવેરેવે આ વર્ષે ફ્રેન્ચ ઓપન જીતીને આખરે મેજર્સમાં સફળતા મેળવી હતી અને ત્યારબાદ ન્યૂ યોર્કમાં તે ટાઇટલ મેળવ્યું હતું. પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમમાં નંબર વન સીડ મેળવનાર ઝવેરેવે, શેલ્ટનની તેની પ્રથમ મેજર ફાઇનલમાં નબળી શરૂઆતનો લાભ ઉઠાવ્યો, સર્વ પર લગભગ ભૂલરહિત ટાઈબ્રેકર રમ્યો અને પછી ઉત્સાહપૂર્વક પ્રોત્સાહિત કરતી ભીડ સામે શેલ્ટનના વાપસીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

ઝવેરેવે આ વર્ષે મેજર મેચોમાં પોતાનો રેકોર્ડ 25-2 કર્યો અને 5.5 મિલિયન ડોલરની ઈનામી રકમ જીત્યો, જે શનિવારે મહિલા ચેમ્પિયન એલેના રિબાકીના દ્વારા જીતવામાં આવેલી રકમની બરાબર છે અને ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસમાં સૌથી મોટી રકમ છે.

### મહિલા રેન્કિંગમાં રિબાકીના બની નંબર વન

મહિલા કેટેગરીમાં પરિસ્થિતિ થોડી વધુ સ્પષ્ટ હતી, જ્યાં એલેના રિબાકીનાએ આ વર્ષે ચારમાંથી બે ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન અને યુ.એસ. ઓપન જીત્યા હતા. ન્યૂ યોર્કમાં રિબાકીનાના શાનદાર પ્રદર્શને તેને રેન્કિંગમાં નંબર વન બનાવી, જેનાથી ટોચ પર આર્યના સબાલેન્કાના 99 અઠવાડિયાના શાસનનો અંત આવ્યો.

### જોકોવિચ લપસતા 24 વર્ષ પછી ટેનિસ રેન્કિંગમાં ટોપ ટેનમાંથી 'બિગ-3'ની બાદબાકી


ન્યૂ યોર્ક, તા. 14 (AP) : યુએસ ઓપન સંપન્ન થયા પછી જાહેર થયેલા ટેનિસ રેન્કિંગમાં 24 વર્ષ પછી એવું પહેલીવાર બન્યું છે કે જ્યારે પુરુષ ટેનિસ રેન્કિંગના ટોપ 10માં 'બિગ થ્રી' રોઝર ફેડરર, રાફેલ નડાલ અને નોવાક જોકોવિચમાંથી એક પણ ખેલાડી સ્થાન ન ધરાવતો હોય.

સોમવારે જાહેર કરાયેલા તાજેતરના રેન્કિંગમાં હજુ પણ રમી રહેલો આ ત્રિપુટીનો છેલ્લો ખેલાડી 39 વર્ષીય જોકોવિચ પાંચમા ક્રમેથી સરકીને 12મા ક્રમે પહોંચી જતાં, ઓક્ટોબર 2002 પછી આ પહેલીવાર બન્યું છે કે તે, ફેડરર કે નડાલમાંથી કોઈ પણ ખેલાડી યાદીના પ્રથમ 10 સ્થાનમાં સામેલ નથી. ફેડરર અને નડાલે અનુક્રમે 2022 અને 2024માં નિવૃત્તિ લીધી હતી. ફેડરરે જ્યારે રમત છોડી ત્યારે તેઓ 41 વર્ષના હતા અને નડાલ 38 વર્ષના હતા.

નવા રેન્કિંગમાં સિનર, ઝવેરેવ અને અલ્કારાઝ અનુક્રમે 1-2-3 પર યથાવત રહ્યા છે, જ્યારે યુ.એસ. ઓપન ફાઈનલિસ્ટ બેન શેલ્ટન પાંચ સ્થાનના કુદકા સાથે નંબર 4 પર પહોંચી ગયા છે.

## હાલેન્ડના વિવાદાસ્પદ ગોલથી સિટીની યુનાઇટેડ સામે જીત

**હાલેન્ડ** પ્રીમિયર લીગની મેન્ચેસ્ટર ડર્બીમાં 9 ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો



મૅન્ચેસ્ટર, તા. 14 : 199મી મૅન્ચેસ્ટર ડર્બીમાં અર્લિંગ હાલેન્ડના અત્યંત વિવાદાસ્પદ ગોલ બાદ મૅન્ચેસ્ટર યુનાઈટેડના ખેલાડીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. નોર્વેજીયન સ્ટ્રાઈકરે 60મી મિનિટે ગોલ કરીને રવિવારે ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે પ્રીમિયર લીગમાં 10 ખેલાડીઓ સાથે રમી રહેલી મૅન્ચેસ્ટર સિટીને 1-0થી જીત અપાવી હતી.

શરૂઆતમાં આ ગોલને ઓફસાઈડ ગણાવી રદ કરવામાં આવ્યો હતો, પરંતુ VAR રિવ્યૂ બાદ ઓન-ફીલ્ડ નિર્ણય બદલાયો હતો. આ સાથે જ સ્ટેડિયમમાં હાજર સિટીના ચાહકો ઉલ્લાસથી ઝૂમી ઉઠ્યા હતા. યુનાઈટેડના ખેલાડીઓ એટલા માટે નારાજ હતા કારણ કે ગોલના બિલ્ડઅપ દરમિયાન એન્ઝો ફર્નાન્ડેઝ ઓફસાઈડ પોઝિશનમાં હતો. પ્રીમિયર લીગે જણાવ્યું કે ગોલને એટલા માટે માન્ય રાખવામાં આવ્યો કારણ કે ડાઈવ મારીને હેડર કરવાનો પ્રયાસ કરવા છતાં આર્જેન્ટિનાના આ ખેલાડીનો બોલને સ્પર્શ થયો ન હતો અને તે સીધો ફાર પોઈન્ટ પર હાલેન્ડ પાસે પહોંચ્યો હતો.

આ ગોલ સાથે હાલેન્ડ પ્રીમિયર લીગમાં મૅન્ચેસ્ટર ડર્બીમાં 9 ગોલ સાથે સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયો છે. તેણે વેઈન રૂની અને સરજિઓ અગ્યુએરોને પાછળ છોડી દીધા છે.

### સુડોકુ ૭૨૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૭ | | | ૩ | | | ૫ |
| | | | ૬ | ૨ | | ૮ | | ૩ |
| | ૮ | ૯ | ૪ | ૧ | | ૨ | | ૭ |
| ૭ | ૯ | ૧ | | ૬ | | ૩ | ૮ | ૪ |
| ૪ | | | ૮ | ૭ | | | | ૬ |
| | | ૨ | ૩ | | | ૭ | ૫ | |
| ૨ | | | ૭ | ૯ | ૬ | | | |
| ૯ | | ૮ | ૧ | | | | ૩ | |
| ૧ | | | ૨ | | | ૫ | ૭ | ૯ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૭૨૬૭ જવાબ

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### વૃધ્ધ અવસ્થા સાથે ખાંસી

વાપીના નિવૃત્ત શિક્ષક કનુભાઈ પટેલનો સ્વાનુભવ છે. સાગ વૃક્ષની અંતરછાલ, બોરડી વૃક્ષની અંતરછાલ, તુલસી પાન, શતાવરી મૂળ, દરેક દશ ગ્રામ લઇ વાટી રસ કાઢી, સાત દિવસ સુધી રોજ પીવું. કનુભાઈના પૂજ્ય માતુશ્રી પર સફળ નીવડેલો પ્રયોગ છે.

## આજનું પંચાંગ

**તા. 15/09/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: ચોથ: 07:45 પછી ઋષિ પંચમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા:24
**યોગ :** ઐન્દ્ર **કરણ:** બવ,
**નક્ષત્ર :** સ્વાતિ:- 15:21
**રાશિ:** તુલા (ર,ત)
**દિવસ :** સામાન્ય-સંવત્સરી ચતુર્થી પક્ષ જૈન- ગુરુપંચમી
**સુરતમાં સૂર્યોદય :** 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:41
**નવકારસી :** 07:15
**પારસી વર્ષ :** 1396 અરદિબેહેસ્ત માસનો 02 જો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્દવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્દવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15.00થી 16:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** જીવન સાથી સાથે સામાજિક કામ પાર પડે. કાર્યસ્થળ પર વિવાદમાં પડવુ નહી. રોજના કામમાં મદદ મળશે.

**વૃષભ (બ,વ,ઉ,):** પ્રમોશન મળી શકે છે. નોકરીમાં સહકર્મીઓનો સાથ મળે. વિજાતિય આવેગ ગેરસમજ પેદા કરશે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ જીવન ઉત્સાહિત રહે. જીવન સાથીનો સાથ મળે. નવા રોકાણ થાય. સંતાનોની ચિંતા સતાવે. આવક વધે.

**કર્ક (ડ,હ,):** હરીફોથી સાવધાન. પોતાની યોજના ગુપ્ત રાખવી. ધંધામાં નવા સોદા પાર પડે. સંપત્તિને લગતાં કામ થાય.

**સિંહ (મ,ટ,):** નવા વિચારોથી કામમાં ગતિ આવે. આત્મવિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને નવું શિખવા મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** રોકાણ માટેની યોજના બને. પારિવારિક ધંધામાં આવક વધે. બૌદ્ધિક કાર્ય પાર પડે. આવકના રસ્તા મળે.

**તુલા (ર,ત,):** નોકરી ધંધામાં નવી તક માટે નવા સંબંધો વધે. યાત્રા-પ્રવાસને લગતા કામ પાર પડે. મન અશાંત.

**વૃશ્ચિક (ન,ય,):** આંખ, દાંત વગેરેની સમસ્યા સતાવે. વિદેશમાં કામ થાય. સમાજમાં યશ મળે. શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. વધારાની આવકની યોજના બને. સંતાનોના કામમાં મદદ મળે.

**મકર (ખ,જ,):** નવા ફેરફારથી કામનો બોજ હળવો થાય. મોજ-શોખના ધંધામાં આવક વધે. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાત થાય. આવક વધારવાની યોજના પાર પડે. ધર્મ-કર્મ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. આધ્યાત્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. સરકારી કામમાં સફળતા મળે.

### કોઈ પણ સાલમાં 15 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નવા ફેરફારથી નોકરીમાં જવાબદારી સાથે પ્રગતિ અને સ્થાનફેરથી બોજ વધે. ધંધામાં આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે, આરોગ્ય સામાન્ય રહે. હરીફો વધે. ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ-કચેરીમાં મદદ મળે. નવા ઘર, વાહનની યોજના પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં સામાન્ય રહે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ સરનામું અને કાયદાકીય બાબતે મળતી રહે. ઉચ્ચ શિક્ષણ માટે વિદેશમાં તક મળે. નવા રોકાણમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર- ઓક્ટોબર, 06, 15, 24 તારીખ, શુક્ર શનિવારે નવા કામ કરવા. સફેદ રંગનો ઉપયોગ વધારવા. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 01, 10, 19,28 તારીખે નવા કામ ટાળવો. ભૂરા અને ગ્રે રંગનો ઉપયોગ ટાળવો.

### 76 વર્ષિય ભરત નાવિકે રાષ્ટ્રીય કક્ષાએ સ્વિમીંગમાં ત્રણ સિલ્વર જીત્યા



હરિયાણાના બહાદુરગઢ ખાતે તાજેતરમાં યોજાયેલી ૨૨મી નેશનલ માસ્ટર્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપનીમ ભારતમાંથી લગભગ ૮૦૦ થી વધુ તરણવીરોએ ભાગ લીધો હતો. જેમાં સુરતના ભરત નાવિકે ૭૫-૭૯ વર્ષના તરણ ગ્રુપમાં ભાગ લઈ, 3 હરિફાઈમાં બીજો ક્રમ મેળવી ત્રણ સિલ્વર મેડલો પ્રાપ્ત કર્યા છે. આ જીત બદલ જોગણી નગર સ્વિમિંગ પુલ ના કોચ અને સભ્યો તરફથી અભિનંદન મળ્યા છે. હવે તેઓ બેંગ્લોર ખાતે યોજાનારી એશિયાની સૌથી મોટી હરિફાઈ માટે પસંદગી પામ્યા છે.


**ઓન લાઈન ટેન્ડરીંગ**
**જાહેર નિવિદા નં.૨૧, સને.૨૦૨૬-૨૭**
**પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી મકાનના કામ-૪ જેની અંદાજી રકમ રૂા.૧૩.૩૨ થી ૧૫.૧૦ લાખની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http;/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.
મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.

**ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ઓન લાઈન સબ મીશનની છેલ્લી તારીખ. | તા.૨૧/૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન) | તા.૨૨/૯/૨૦૨૬, સમય ૧૨.૦૦ કલાક |

(માહિતી/ગોધરા/૪૯૨/૨૬)

કાર્યપાલક ઈજનેર
પંચાયત (મા×મ)વિભાગ
ગોધરા.